# **ટેન્ડર નોટિસ**

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ધ્વારા રાજયના અમદાવાદ જિલ્લાના ધરજી ગામમાં વસવાટ કરતા પઢાર આદિમજૂથ સમુદાયના લોકોને તેમનામાં રહેલી કલા-કૌશલ્યને વધારવા માટે તાલીમ આપવાની કામગીરી કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ ગાંધીનગર દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવી છે. આ તાલીમ આપવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ / એજન્સીઓ પાસેથી તાલીમ દરખાસ્ત મંગાવવામાં આવે છે. જેમાં ટેકનીકલ અને ફાઈનાન્સ બીડ અલગ અલગ કવરમાં આપવી. આ તાલીમ માટે રસ ધરાવતી અને આદિવાસી ક્ષેત્રે અથવા ગ્રામીણ ક્ષેત્રે વિવિધ તાલીમનું કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને એજન્સીઓ પાસેથી ભરત ગૂંથણની તાલીમ કરવા માટે ઈ ટેન્ડરથી તાલીમ દરખાસ્ત મંગાવવામાં આવે છે.

**તાલીમ દરખાસ્ત મોકલવાનું સ્થળઃ**

તાલીમ દરખાસ્ત મોકલવાની છેલ્લી તારીખઃ 15-12-2018

નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, **આશ્રમરોડ**

અમદાવાદ-380014

ઇ મેલ : trtigvp@gmail.com

વેબસાઇટ : trti.gujarat.gov.in **અને** www.gujaratvidyapith.org, www.nprocure.com

## ટેન્ડરની શરતો

૧. કવર ઉપર વિવિધ પ્રકારની વ્યાવસાયિક તાલીમ આપનાર સંસ્થાની પસંદગી માટેનું અરજી પત્રક એમ લખવું.

૨. તાલીમ માટેની દરખાસ્ત રજી.એડીથીમોકલવાનીરહેશે.

૩. અરજી પત્રક ભરનારે અરજી પત્રક ફીની રકમ તથા અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમના અલગ અલગ ડિમાન્ડ ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંકના "નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, અમદાવાદ"ના નામના ફિઝીકલ ટેકનીકલ બીડના સિલબંધ કવરમાં અલગ અલગ રજૂ કરવાના રહેશે.

૪. અરજી પત્રક ભરનાર એજન્સીએ ઓનલાઈન અરજી પત્રકમાં ભરેલ તમામ વિગતોના ટેકનીકલ બીડ ફિઝીકલ ડોક્યુમેન્ટની સ્વપ્રમાણિત કરેલ નકલો રજૂ કરવાની રહેશે તથા સિલબંધ કવરમાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબની નિયત તારીખ સુધીમાં ભરીને મળે તે રીતે આર.પી.એ.ડી.થી મોકલી આપવાના રહેશે.

૫. છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાનનું વાર્ષિક ટર્ન ઓવર રૂ.૨૫.૦૦ લાખ આવશ્યક છે. સંસ્થા / એજન્સીએ છેલ્લા ત્રણ વર્ષના ઓડિટ રિપોર્ટ અને ટર્ન ઓવરની વિગતો રજૂ કરવાના રહેશે.

૬. સંસ્થા/એજન્સી તાલીમ અંગેનો લઘુત્તમ ૫ વર્ષનો અનુભવ ધરાવતી હોવી જોઇએ. તાલીમમાં સ્વરોજગારલક્ષી જેવીકે ભરતગૂંથણ, સિલાઈ તાલીમ, નાળિયેરીના રેસામાંથી વિવિધ વસ્તુઓ બનાવવાની તાલીમ, કડિયાકામ, વાંસકામ, વારલી પેઈન્ટીંગ વગેરેની તાલીમ

૭. રાજય કે જે તે જિલ્લામાં સંસ્થા કે એજન્સીનું ગ્રેડીંગ થયેલ હશે તેને પ્રાધાન્ય આપવામાં આવશે.

૮. રાજ્યમાં આદિમજૂથ સમુદાયમાં તાલીમની કામગીરી કરેલ હોવી જરૂરી છે.

૯. સંસ્થા દ્વારા પઢાર આદિમજૂથ સમુદાયમાં કામગીરી કરેલ હશે તે સંસ્થા કે એજન્સીને પ્રાધાન્ય આપવામાં આવશે.

૧૦. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ધ્વારા સંસ્થાની કામગીરીની ચકાસણી કર્યા બાદ જ

તાલીમ માટેની કામગીરી આપવામાં આવશે.

૧૧. કોઈપણ પ્રકારનું શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. આવું ટેન્ડર કોઈપણ કારણ આપ્યા વગર ના-મંજૂર કરવામાં આવશે.

૧૨. જે સંસ્થા / એજન્સીના તાલીમના ભાવો મંજૂર થાય, તે તાલીમ ગુણવત્તા મુજબની આપવાની રહેશે. બિન-ગુણવત્તાયુક્ત તાલીમ જણાયે, તાલીમ કરવા માટે મંજૂર થયેલ સંસ્થા/ એજન્સીને તાલીમ અધવચ્ચેથી રદ કરવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીનો રહેશે. આ અંગે કોઈ વાદ-વિવાદ કે પત્રવ્યવહારને અવકાશ રહેશે નહીં.

૧૩. તાલીમાર્થીઓને પ્રતિ માસ પ્રતિ તાલીમાર્થી દિઠ રૂ.૧૦૦૦=૦૦ (અંકે રૂપિયા એક હજાર) તાલીમના સમયગાળાને અનુરૂપ સ્ટાઈપેન્ડ Account Payee વડે ચૂકવવાનું રહેશે.

૧૪. તાલીમ આપનાર સંસ્થાએ તાલીમ માટે તાલીમાર્થી સારી રીતે તાલીમ લઈ શકે તેવી તમામ સુવિધા (વીજળી, પીવાનું ચોખ્ખું પાણી, શૌચાલય) ધરાવતા મકાનની વ્યવસ્થા કરવાની રહેશે.

૧૫. ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ દરેક સંસ્થા/ એજન્સીને ટેલીફોન દ્વારા જણાવવામાં આવશે.

૧૬. દરેક તાલીમમાં તાલીમ પૂર્ણ થયા પછી સંસ્થા/ એજન્સી દ્વારા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૧૭. સિલાઈ મશીન આઈ.એસ.આઈ. માર્કાનું જ આપવાનું રહેશે.

૧૮. તાલીમ પુર્ણ થયા પછી સિલાઈ મશીનની માલિકી તાલીમાર્થીઓની રહેશે.

૧૯. લાભાર્થીની પસંદગી પઢાર પરામર્શ સમિતિમાં મંજૂર થયેલ લાભાર્થીને તાલીમ આપવાની રહેશે.

૨૦. તાલીમ માટેના નાણાં તાલીમ પૂર્ણ થયા પછી ચૂકવવામાં આવશે.

૨૧. તાલીમ દરમ્યાન સંસ્થાએ તાલીમનો સાપ્તાહિક પ્રગતિ અહેવાલ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને આપવાનો રહેશે.

૨૨. તાલીમ પૂર્ણ થયા પછી સંસ્થા ધ્વારા તાલીમ અંગેનો અહેવાલ, તસવીરો સાથે આપવાનો રહેશે.

૨૩. કચેરી દ્વારા ટેન્ડરની કોઈપણ શરતો રદ કરવા અથવા સુધારા કરવા અંગેનો અધિકાર આદિવાસી સંસોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠને રહેશે. જે સંબંધિતને બંધનકર્તા રહેશે.

૨૪. ટેન્ડરના તુલનાત્મક ભાવોમાં નીચા ભાવોને પસંદગી સમિતિ કામગીરી માટે રજૂ કરી શકશે. જો સંસ્થા કે એજન્સી ચકાસણી બાદ યોગ્ય જણાશે નહિ, તો આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા બીજી સંસ્થા કે એજન્સીને કામગીરી આપી શકાશે. જે સર્વેને બંધનકર્તા રહેશે.

૨૫. જે તે તાલીમ માટે સંસ્થા/ એજન્સીએ તમામ પ્રકારના વેરાસહિત ( જી.એસ.ટી.) સાથે ભાવો ભરવાના રહેશે.

૨૬. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ 15-12-2018 સુધી અત્રેની કચેરીમાં આર.પી.એડી.થી ટેન્ડર મોકલી આપવાના રહેશે. સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહી. તેમ જ તેની તમામ જવાબદારી મોકલનારની રહેશે.

૨૭. તાલીમ અંગેની માહિતી ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ, ટેન્ડરની શરતો વગેરે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ અને એન કોડ સોલ્યુશનની વેબસાઇટ પરથી મળી રહેશે.

| | |
|---|---|
| **કામનું નામ** | **વ્યવસાયલક્ષી, સ્વરોજગારલક્ષી કૌશલ્યવર્ધન તાલીમ ભરતગૂંથણની તાલીમ આપવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ / એજન્સીઓનું સિલેક્શન** |
| તાલીમનું નામ | ભરતગૂંથણ સિલાઈ મશીન સાથે |
| તાલીમનું સ્થળ | ગામ- ધરજી, તા- બાવળા, જિ- અમદાવાદ |
| તાલીમાર્થીની સંખ્યા | ૪૫ |
| ટેન્ડર ફોર્મ ફી | રૂ.૧૦૦૦/- નોન રીફંડેબલ |
| અરજી પત્રક ફી ની રકમ સ્વીકારનાર<br>(ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા) | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ઈ.એ.ડી. | રૂ.૮૦૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ (કોઈપણ નેશનલાઈઝ બેંકનો હોવો જોઈએ)<br>પેયબેલ ટુઃ નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, અમદાવાદ |
| અરજી પત્રક ડોક્યુમેન્ટ ડાઉનલોડીંગ શરૂ થવાની તારીખ/સમય | તારીખઃ 4-12-2018 |
| અરજી પત્રક ડોક્યુમેન્ટ ડાઉનલોડીંગ પૂર્ણ થવાની તારીખ/સમય | તારીખઃ 15-12-2018 (સાંજે 4.00 સુધી) |
| ટેકનીકલ અને નાણાંકીય બીડ સ્વીકારવાની છેલ્લી તારીખ<br>(ફક્ત આર.પી.એ.ડી.થી જ સ્વીકારવામાં આવશે) | તારીખઃ 15-12-2018 ( સાજે 5.00 સુધી) |
| ટેકનીકલ અને નાણાંકીય બીડ મોકલવાનું સરનામુઃ | નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ<br>ટેકનીકલ અને નાણાંકીય બીડ આર.પી.એ.ડી. થી મોકલવાના રહેશે. |